ગુજરાતમિત્ર
# રવિવારીય પૂર્તિ
રવિવાર ૩૧ ઓગસ્ટ, ૨૦૨૫

# રિશ્તોં મેં આઈ દરાર: ભારતીય ડાયસ્પોરાનું મોદી-ટ્રમ્પની દોસ્તીને મામલે મોહભંગ પછીનું મૌન

**બહુશ્રુત**
ચિરંતના ભટ્ટ

USAના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ અને આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દોસ્તીને નામે લોકોએ સોંગદો ખાવાની જ બાકી રાખી હતી. જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પ પહેલીવાર રાષ્ટ્રપતિ બન્યા ત્યારે વડાપ્રધાન મોદીએ તેમને જે આલિંગનો આપ્યા તે તો શોલે ફિલ્મના જયવીરુની દોસ્તી યાદ કરાવે એવાં હતા. વિદેશમાં વસનારા ભારતીયો (આ કિસ્સામાં USAમાં વસનારા) - ઇન્ડિયન ડાયસ્પોરાના એક હિસ્સાને અને આપણે ત્યાંના એક હિસ્સાને લાગ્યું કે બસ હવે તો અમેરિકા અને ભારત એક સાથે કદમ મિલાવીને ચાલશે અને આપણે તો ક્યાંના ક્યાં પહોંચી જશું! મોદી અને ટ્રમ્પની વચ્ચે એક ઐતિહાસિક દોસ્તી શરૂ થવાની હોવાનો હરખ કોણ જાણે કેટલાયે વ્યક્ત કર્યો હશે. ભારતમાં ભાજપની રાષ્ટ્રવાદી વિચારસરણી પ્રત્યે ઝુકાવ ધરાવનારા ભારતીય અમેરિકનો માટે આ કોઇ રાજકીય કૂટનીતિ નહીં પણ તેમના નસીબને ઉજાળનારી પરિસ્થિતિ હતી. તેમને તો સ્વપ્ને પણ કલ્પના નહોતી કે જે દેખાય છે એ ખરેખર હોય જ એવું માની લેવાની ભૂલ તેમને નિરાશા સિવાય કંઇ નહીં આપે. હ્યુસ્ટન અને અમદાવાદની રેલીઓમાં 'અબ કી બાર ટ્રમ્પ સરકાર'ના નારા ગૂંજ્યા જે મોદીના પોતાના ચૂંટણી પ્રચાર "અબ કી બાર મોદી સરકાર"માંથી જ ઉઠાવાયો હતો. મોદી અને ટ્રમ્પ એક બીજાનું પ્રતિબિંબ છે, એક બીજાના પર્યાય છે એવો માહોલ ખડો કરાયો. ભારતીય અમેરિકન બિઝનેસમેન શલભ કુમારે તો ભારતીય ડાયાસ્પોરા સામે ટ્રમ્પને મોદીની પ્રતિકૃતિ તરીકે રજૂ કર્યા. તેમની રિપબ્લિકન હિન્દુ કોએલિશને ચૂંટણી ફંડ માટે લાખો ડોલર એકઠા કર્યા અને ટ્રમ્પના વાક્ય "મને ભારત અને હિન્દુઓ બહુ ગમે છે" વાળી વાતને ગંભીરતાથી લઇ તેને ભાઇચારાનો પુરાવો ગણવા અપીલ કરી. આ તુક્કો થોડો સમય ચાલી ગયો. ભારત - જ્યાં ધર્મ એક મોટું શાસ્ત્ર જ નહીં શસ્ત્ર પણ છે ત્યાં મંદિરોમાં ટ્રમ્પની મુર્તિઓ મુકાઇ, તેને લાડુ ચઢાવાયા અને ન્યૂજર્સી અને ન્યૂયોર્કમાં ટ્રમ્પના ટેકેદારોએ બુલડોઝર પરેડ કાઢી. આ બુલડોઝર આપણે ત્યાં, ભારતમાં હિન્દુ બહુમતીવાદનું પ્રતીક હતા અને મુસલમાન વિસ્તારો અને વ્યવસાયોને તોડી પાડવા માટે વપરાયા હતા. અમેરિકામાં વસનારી હિંદુઓએ લોચો એ માર્યો કે આ આખી વાતને સાચી માની લીધી - તેમને એમ કે ટ્રમ્પ એટલે વોશિંગ્ટન ડીસીના વ્હાઇટ હાઉસમાં બેઠેલા "આપણા માણસ" - ભારતીય ડાયસ્પોરાએ પોતાના સાંસ્કૃતિક નોસ્ટાલ્જિયાને અમેરિકન રાજકારણ સાથે ભેળવીને એક ધારણા બાંધી લીધી.

વળી દેખાડા કે નાટ્યાત્મક પ્રદર્શનોમાં બંન્ને રાષ્ટ્રના વડાઓ જરાય પાછા પડે તેમ નથી. હ્યુસ્ટનમાં 'હાઉડી, મોદી!' (2019) અને અમદાવાદમાં 'નમસ્તે ટ્રમ્પ' (2020) રેલીઓ આ નેતાઓની એકબીજા સાથેની નિકટતા દર્શાવવાનો એક વ્યવસ્થિત મંચ હતો. મેગા-માગા પાર્ટનરશીપની વાતો થઇ અને મોદી ટ્રમ્પના નારા એકબીજા સાથે ભળી ગયા. મોદી માટે આ ભારતની વૈશ્વિક શક્તિનું એક પ્રદર્શન હતું અને ટ્રમ્પ માટે આ તેમના ટેકેદારોના મોડેલ માઇનોરિટી ગણાતા વિદેશી નેતાના સ્વીકારનું એક સર્ટિફિકેટ હતું. કોઇએ એવું ન વિચાર્યું કે રેલીઓ પ્રદર્શન છે તેમાં બધું નક્કર ન માની લેવાય. આ ડાયસ્પોરા રેલીઓનો હેતુ ક્યારેય કોઇ ઠોસ પ્રભાવ ઉભો કરવાનો નહોતો પણ માત્ર દેખાવ ખડો કરવાનો હતો. USAમાં વસનારા લાગણીશીલ ભારતીયો મોદી-ટ્રમ્પની દોસ્તીને નામે ખુશખુશાલ થઇ ગયા પણ એવું ભૂલી ગયા કે ટેક્સાસ કે ગુજરાતમાં રહેનારા ભારતીય અમેરિકનો ભગવા ઝંડા લહેરાવે પણ ભારત પ્રત્યે USAની નીતિ હંમેશા લેવડ-દેવડ પુરતી જ રહી છે અને એમ જ રહેવાની છે.

ઉપરછલ્લી દોસ્તીની હકીકતો બહુ જલ્દી બહાર આવી ગઇ. ટ્રમ્પની પહેલી ઇનિંગમાં ટ્રેડ વોર્સ થયા જેમા ભારતને સાથીદાર નહીં પણ પ્રતિસ્પર્ધી તરીકે જોવાયો. ભારતીય સ્ટીલ અને એલ્યુમિનિયમ પર તગડા ટેરિફ લાગુ કરાયા. ભારતને જનરલાઇઝ્ડ સિસ્ટમ ઓફ પ્રેફરન્સિઝમાંથી બહાર રખાયો અને ભારતીય વ્યાપારની પદ્ધતિઓની ચકાસણી શરૂ કરાઇ. બીજી ઇનિંગમાં પણ ટ્રમ્પે જુદી દોસ્તીના દાવાઓ પોકળ જ છે એવું દર્શાવવાનું ચાલુ જ રાખ્યું. કોમર્સ વિભાગના સૂત્રો અનુસાર 2025માં તો આ વ્યાપારી નીતિઓ રાજદ્વારી કટોકટી બની ચૂક્યા છે.

ફાર્માસ્યૂટિકલ્સ અને ટેક્સ્ટાઇલ સહિતના ભારતીય નિકાસ પર 50 % ટેરિફ ફટકારાયો છે. મોદી-ટ્રમ્પની દોસ્તીને કારણે બિઝનેસિઝને કોઇ સલામતી કે રાહત ન મળી.

આટલું ઓછું હતું એમાં ઇમિગ્રેશનને મામલે ભારતીય અમેરિકનો એક પ્રતિકુળ માહોલમાં ફસાયા. બર્થ રાઇટ સિટિઝનશિપ અને H-1B વિઝા પર નિયંત્રણો ઝિંકાયા અને ભારતીય પ્રોફેશનલ્સ હચમચી ગયા કારણકે તેમણે તો માનેલું કે અમેરિકા હવે તેમને પોતાના જ માને છે. ટ્રમ્પની બીજી ઇનિંગમાં કેટલા ભારતીયોને ઘર ભેગા કરાયા છે અને કેવી રીતે કરાયા છે તે આપણને ખબર છે. રોજના અંદાજે આઠ ભારતીયોને વતનભેગાં કરવામાં આવ્યા જેમાં વિઝા પતી ગયો હોય એવા વિદ્યાર્થીઓ, બ્યુરોક્રસીમાં ફસાયેલા ટેક વર્કર્સ અને લાંબા સમયથી જુગાડ કરીને અમેરિકામાં ગોઠવાઇ ગયેલા પરિવારો ટ્રમ્પની ઝપેટમાં આવીને ઘર ભેગા થઇ ગયા. મોદીએ જેને વ્યક્તિગત દોસ્તી અને લાગણીનું લેબલ આપ્યું તેને ડાયસ્પોરાએ પોતાનું સુરક્ષા કવચ માનવાની ભૂલ કરી અને જ્યારે ટ્રમ્પે "અમેરિકા ફર્સ્ટ"નો સિદ્ધાંત પોકાર્યો તેમાં આ બધું પડી ભાંગ્યું.

હરકારા નામના હિન્દી ડિજિટલ ન્યૂઝલેટરમાં ટ્રમ્પ ઘેલા ભારતીય ડાયસ્પોરાની માનસિકતા, અત્યારની સ્થિતિ વગેરે અંગે એક લાંબો ઇન્ટરવ્યુ તાજેતરમાં જ રિલિઝ થયો છે.

...અનુસંધાન પાના નં. 4 પર



**ટ્રમ્પ લેવડ-દેવડમાં માનનારા એક સ્વાર્થી બિઝનેસમેન અને રાજકારણી છે અને એવા જ રહેશે. ઇલોન મસ્ક સાથેની તેમની દોસ્તી ક્યાં હતી અને હવે ક્યાં છે એ જ બતાડે છે કે ટ્રમ્પને માટે પોતાને કોઇ કેટલો વખત કામ લાગશે તેનાથી વધારે અગત્યનું કંઇ છે જ નહીં**







## બાય ધી વે

ભારતીય ડાયસ્પોરાના અત્યારના મૌનમાં પસ્તાવો ઓછો થાક વધારે છે કારણકે હવે તેમને સમજાયું છે કે ટ્રમ્પ માટેનો તેમનો પ્રેમ, તેમની વફાદારી "એક તરફા પ્યાર"થી વધારે કંઇ જ નહોતી. વિદેશી ભારતીયો કદાચ ભારતના સ્થાનિક રાજકારણમાં કંઇ પ્રભાવ ખડો કરી શકે (પાર્ટી ફંડ આપીને) પણ વ્હાઇટ હાઉસમાં દિલ્હીનું કહ્યું થાય એવું માનવું એ ફિફા ખાંડવા જેવું છે. મોદી એટલે ભારત નહીં અને ભારત એટલે મોદી નહીં. આપણા રાષ્ટ્રની વિશાળતા એક વ્યક્તિત્વને આધારે ટકી રહી છે એવું માનવાની ભૂલ ન કરવી. મોદીની ટિકા એ ભારતની ટિકા કરવાને સમાન નથી એ સમજો અને એ જ રીતે ટ્રમ્પની ટિકા કરવાથી તમે હિન્દુઓના ગૌરવને નથી વખોડી રહ્યા. દોસ્તીના દેખાડા રાજકીય માર્કેટિંગ હોય છે. દરેક રાષ્ટ્ર માટે એ એક અનિવાર્ય અનિષ્ટ છે એ યાદ રાખીને નિષ્પક્ષતા કે તટસ્થતાથી રાજકારણીઓને નાણવા નહીંતર દુ:ખી થવાનો વારો આવશે.

# બંધારણ સભામાં ડૉ. આંબેડકરનું છેલ્લું વક્તવ્ય


**નો નોનસેન્સ**
રમેશ ઓઝા

**આંબેડકરે કહ્યું હતું: "અત્યારે મારા મનમાં બે સવાલ ઘોળાઈ રહ્યા છે. શું ભારત તેની આઝાદી જાળવી શકશે? કારણ કે ભારતને પરાજિત કરનારા કે કરાવનારા ભારતીયો જ હતા. બીજો સવાલ એ કે શું ભારત લોકશાહી જાળવી શકશે?"**

૨૫મી નવેમ્બર ૧૯૪૯ના રોજ, બંધારણસભાની બેઠકોના છેલ્લા દિવસે, બંધારણ ઘડવા માટેની મુસદ્દા સમિતિના વડા ડૉ. આંબેડકરે તેમનું છેલ્લું વક્તવ્ય આપ્યું હતું. તેમનું એ વક્તવ્ય તેમણે ૧૭મી ડિસેમ્બર ૧૯૪૬ના રોજ બંધારણ સભામાં બંધારણના ઉદ્દેશના ઠરાવ (ઓબ્જેક્ટીવ રીઝોલ્યુશન) પર આપેલા વક્તવ્ય જેટલું જ અપ્રતિમ હતું. તેમનું ૧૯૪૬ની સાલનું વક્તવ્ય સાંભળીને બંધારણસભાના સભ્યો દંગ રહી ગયા હતા અને તેમને બંધારણ ઘડવાના મુસદ્દા સમિતિના વડા બનાવ્યા હતા. દેશના વ્યાપક હિતમાં રાષ્ટ્રીય સર્વસંમતિ વિકસાવવા કોઈ માણસ કેટલી હદે આગ્રહો છોડીને નીચે ઉતરી શકે એનું એ ઉદાહરણ હતું. ડૉ. આંબેડકર બોલતા હતા ત્યારે કેટલાક સભ્યોને લાગતું હતું કે સાક્ષાત જવાહરલાલ નેહરુ બોલી રહ્યા છે. જવાહરલાલ નેહરુએ જ ઓબ્જેક્ટીવ રીઝોલ્યુશન બંધારણસભામાં ૧૩મી ડિસેમ્બરે રજૂ કર્યું હતંત અને તેના પર ચર્ચા ચાલી હતી.

બંધારણ ઘડાયું, તેને બંધારણ સભાની સામાન્ય સભાએ ૨૬મી નવેમ્બર ૧૯૪૯ના રોજ અપવાદ વિના સર્વાનુમતે મંજૂર રાખ્યું અને ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ના રોજ તેને લાગુ કરવામાં આવ્યું. ભારત તેના ઈતિહાસમાં પહેલીવાર પ્રજાસત્તાક બન્યું. પ્રજાસત્તાક એટલે પ્રજાનું રાજ્ય.

પણ જે લોકોએ સક્રિય યોગદાન આપીને બંધારણ ઘડ્યું હતું એ લોકોને ત્યારે જ ખબર હતી કે ભારતનાં બંધારણ પર અને લોકતંત્ર પર જોખમ આવી શકે છે. નાનામોટા મતભેદો ભૂલીને જે એકવાક્યતા બંધારણસભાની અંદર જોવા મળી એ એના એ જ સ્વરૂપમાં બહાર નથી. બહાર ત્રણ પરિબળો કે જૂથો એવાં છે જેમને આપણે કલ્પેલો ભારત દેશ સ્વીકાર્ય નથી અને તેમની ભારત વિશેની કલ્પના અલગ છે. એ ત્રણ જૂથો કે પરિબળોમાં પહેલું પરિબળ સામ્યવાદીઓનું. બીજું પરિબળ હિન્દુત્વવાદીઓનું અને ત્રીજું પરિબળ સામંતી સમાજવ્યવસ્થા જળવાઈ રહે તેમાં પોતાનું હિત જોનારા રાજવીઓ, જમીનદારો અને પુરોહિતોનું. આમાંથી ત્રીજું પરિબળ સંગઠિત નહોતું પણ પ્રભાવશાળી જરૂર હતું. દેખીતી રીતે તેમને સામ્યવાદીઓ ન પરવડે એટલે તેઓ હિન્દુત્વવાદીઓને અને કોંગ્રેસમાંના રૂઢિચુસ્તોને મદદ કરતા હતા. એ સમયે હિન્દુત્વવાદીઓ ખાસ રાજકીય તાકાત નહોતા ધરાવતા એટલે તેઓ જમણેરી રૂઢિચુસ્ત કોંગ્રેસીઓને અને તેમણે રચેલા સ્વતંત્ર પક્ષને મદદ કરતા હતા. ખેર, આપણે વાત કરી રહ્યા છે આશંકાની.



**કનૈયાલાલ મુનશીને પણ ભારતમાં લોકશાહી ટકશે કે નહીં એ વિશે ચિંતા થતી હતી. ડૉ. આંબેડકરની માફક તેમને પણ ખબર હતી કે દેશમાં કેટલાક પરિબળ એવાં છે જેમના વિચાર, માન્યતા અને આગ્રહો રાષ્ટ્રહિત કરતાં પણ આત્યંતિક છે**

ભારતનું બંધારણ અને લોકતંત્ર યાવત્ચન્દ્ર દિવાકરૌ સુરક્ષિત રહેશે તેની ખાતરી નહોતી. માટે ૨૫મી નવેમ્બર ૧૯૪૯ના રોજ સારસંક્ષેપી ભાષણમાં ડૉ. આંબેડકરે કહ્યું હતું: "અત્યારે મારા મનમાં બે સવાલ ઘોળાઈ રહ્યા છે. શું ભારત તેની આઝાદી જાળવી શકશે? કારણ કે ભારતને પરાજિત કરનારા કે કરાવનારા ભારતીયો જ હતા. બીજો સવાલ એ કે શું ભારત લોકશાહી જાળવી શકશે?" અને પછી કહે છે કે "આ દેશમાં અનેક વિચારો, માન્યતાઓ અને આગ્રહો (તેમણે અંગ્રેજીમાં creed શબ્દ વાપર્યો છે.) એવાં છે જેને તેઓ દેશ કરતાં ઉપરવટ સમજે છે. તેઓ વ્યાપક દેશહિતની વિરુદ્ધ જઈને પણ પોતાની કલ્પનાનો દેશ સાકાર કરવા માગે છે. તો શું ભારત લોકતંત્ર ગુમાવશે? મને ખબર નથી પણ એવું બની શકે છે. એવું પણ બને કે દેખવા પૂરતું લોકતંત્રનું માળખું જળવાઇ રહે પણ વાસ્તવમાં સરમુખત્યારશાહી હોય." પણ એવું ક્યારે બને?

...અનુસંધાન પાના નં. 4 પર

## સિલી પોઈંટ

